સુવિચાર
''આપણાં પડછાયા પાસેથી પણ આપણે જીવતા શીખવાનું છે, ક્યારેક મોટા થઈને તો ક્યારેક નાનાં થઈને.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૮/૦૯/૨૦૨૬, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

શિવ

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ ભાદરવા સુદ-૭ વર્ષ : ૧૭ અંક : ૨૩૩

## સાવરકુંડલાનાં હાડિડા ગામે હૈયુ હચમચાવતી ઘટના આર્થિક સંકડામણનાં લીધે બની

# પિતાએ પાંચ વર્ષની પુત્રીની હત્યા કરી આત્મહત્યા કરી લીધી

**કાળઝાળ મોંઘવારી વચ્ચે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારને બે ટંકનું ભોજન મેળવવું પણ મુશ્કેલ**

**પુત્રીની માતા બહારગામ ગયેલ હોય પિતાએ પુત્રીનું મોં દબાવી દીધુ**

**બાદમાં પિતાએ પણ ગળાફાંસો ખાઈ લઈ અંતિમવાટ પકડી લીધી**

**સમગ્ર પંથકમાં આ કરૂણાંતિકાથી શોકનો માહોલ છવાયો**





અમરેલી, તા. ૧૭

સાવરકુંડલા તાલુકાના હાડિડા ગામે એક હૃદયદ્રાવક ઘટનામાં આર્થિક સંકડામણના કારણે સગા પિતાએ પોતાની જ પાંચ વર્ષની માસુમ પુત્રીની કથિત રીતે હત્યા કર્યા બાદ પોતે પણ ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવી લેતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. એક જ પરિવારના પિતા-પુત્રીના મોતથી ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

પ્રાથમિક વિગતો મુજબ સાવરકુંડલા તાલુકાના હાડિડા ગામે રહેતા અને બાંધકામની સાઈડ ઉપર સુપરવાઈઝર તરીકે કામ કરતા કિશોરભાઈ નાથાભાઈ ધાણક નામના ઈસમે ગઈકાલે પોતાની પત્નિ બહારગામ ગયેલ હોય અને પિતા-પુત્રી એકલા કરે હતા ત્યારે બપોરના ૨ થી ૬ વાગ્યા દરમિયાન પોતાના રહેણાંક મકાનમાં પોતાની પાંચ વર્ષની પુત્રી હિમાંશીનું મોં દબાવી મોતને ઘાટ ઉતારી દીધી હતી. બાદમાં પુત્રીના મોત બાદ

અનુસંધાન પાના ૬ ઉપર

**ખાંભા, સાવરકુંડલા અને બગસરા પંથકનો બનાવ**

## અમરેલી જિલ્લામાં ૨૪ કલાકમાં ૧ યુવક, ૧ પરિણીતા અને એક વૃધ્ધનું અપમૃત્યુ

**પરિણીતા અને વૃધ્ધે બીમારીથી કંટાળી આત્મહત્યા કરી**

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન એક યુવક, એક પરિણીતા તથા એક વૃધ્ધ સહિત ત્રણ લોકોના અલગ અલગ કારણોસર મોત નિપજયાનું સ્થાનિક પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

ખાંભા તાલુકાના ડેડાણ ગામે રહેતા શૈલેષભાઈ બાબુભાઈ બોરડ નામના ૪૦ વર્ષિય યુવક બોરિંગ કામ તથા

અનુસંધાન પાના ૬ ઉપર

**જિલ્લામાં અનેક વિસ્તારોમાં ઘટાટોપ વાદળો વચ્ચે**

## બાબરા પંથકમાં પૂનઃ મેઘાની પધરામણી થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ

**આગામી કલાકોમાં પણ વરસાદની સંભાવના**



અમરેલી, તા.૧૭

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી હળવાથી ભારે વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગે આજે ૧૭ સપ્ટેમ્બરે સૌરાષ્ટ્રના પાંચ જિલ્લામાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યુ છે. તેવામાં અમરેલી, પંચમહાલ સહિતના વિસ્તારોમાં સારો એવો વરસાદ વરસ્યો છે.

અમરેલીના રાજુલા, સાવરકુંડલા, ધારી સહિતના વિસ્તારોમાં ચાર-પાંચ દિવસ મેઘરાજા મહેરબાન થયા બાદ હવે બાબરા શહેરમાં પણ વરસાદનું આગમન થયું છે. જેમાં બાબરા શહેરમાં ધીમીધારે વરસાદ વરસતા વાતાવરણ ઠંડક પ્રસરી છે. લાંબા વિરામ બાદ મેઘમહેરથી ખેડૂતોમાં હરખ છવાયો છે અને વધુ વરસાદની આશા વર્તાઈ રહી છે.

**પાલિકા તંત્ર દ્વારા માલધારી સમાજને વિશ્વાસમાં લીધા વિના કરાયેલો ઠરાવ રદ કરવા માંગ**

## સાવરકુંડલામાં ગૌચરની જમીન વન વિભાગને ફાળવવા સામે માલધારી સમાજમાં ભારે રોષ : મામલતદારને આવેદનપત્ર પાઠવ્યુ

**યોગ્ય નિર્ણય નહી લેવાય તો આંદોલનની ચેતવણી આપવામાં આવી**




સાવરકુંડલા, તા. ૧૭

સાવરકુંડલા શહેર સમસ્ત માલધારી સમાજ દ્વારા સાવર સામા પાદર ગામના ગૌચરની જમીન વન વિભાગને વનીકરણ તથા નર્સરી બનાવવા માટે ફાળવવાના પાલિકાના નિર્ણય સામે સખત વિરોધ નોંધાવી રાજયપાલને સંબોધીને મામલતદારને એક આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, સાવર સામા પાદર ગામના ગૌચરના સર્વે નંબર ૪૫૨/૧ પૈકી ૧ની કુલ ૪૦૭-૭૩-૫૦ ચો.મી. જમીનમાંથી ૧૫-૦૦-૦૦ ચો.મી. જમીન વન વિભાગને આપવા માટે

અનુસંધાન પાના ૬ ઉપર

કમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે
શ્રી કનૈયા ડોક્યુમેન્ટ્સ & સ્ટેમ્પ વેન્ડર

naari હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS)
દિવસ માટે (લેડીઝ)
naari હોસ્પિટલ
naarihospitalamreli@gmail.com

ડોક્ટર હાઉસ અમરેલી

Sheetal
WE ARE HIRING
• Namkeen Sales HOD - 1
• Liaisonig Officer - 2
• Sales & Marketing Officer - 3
• Cashier - 2
• Sales Co - Ordinator - 7
• Business Development Manager - 1
• Franchise Development Manager - 1
• Junior Accountant - 2
• Billing Operator - 2
• Telecaller - 1
• Reporting Manager - 2
• HR - Recruiter - 1
APPLY NOW

# અમરેલી સ્થિત કામનાથ મહાદેવ મંદિરના સાંનિધ્યમાં 'આશીર્વાદના દીવા' કાર્યક્રમ યોજાયો



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાજાહેરજીવનમાં ૨૫ વર્ષની નિષ્ઠાપૂર્વકની સેવા અને સમર્પણના ઉપલક્ષમાં સમગ્ર રાજયમાં તા. ૧૭ ઓકટોબર ૨૦૨૬ સુધી 'સેવા સંકલ્પ અભિયાન'નું વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આજરોજ વડાપ્રધાનનો જન્મદિન છે, તે નિમિત્તે અમરેલી સ્થિત કામનાથ મહાદેવ મંદિરના સાનિધ્યમાં ' આશીર્વાદના દીવા' જિલ્લાકક્ષાના ભવ્ય કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કાયદો અને ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા સહિતના મહાનુભાવો અને બહોળી સંખ્યામાં ઉપસ્થિત નાગરિકોએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ નિમિત્તે તેમના નિરામય આરોગ્ય, દિર્ઘાયુ અને રાષ્ટ્રની સુખાકારી માટે પ્રાર્થના સહ શુભેચ્છાઓ પાઠવી હતી. ઉલ્લેખનીય છે કે, આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા અને ઉપસ્થિત સૌને ભાવસભર સંબોધન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકાસના અનેક કાર્યો સિદ્ધ થયા છે. ગરીબોને પ્રધાનમંત્રી આવાસ યોજના થકી પાકા મકાન સહિતની સુવિધાઓ મળી છે. તેમણે ઉમેર્યું કે, આઝાદી બાદ પ્રથમ વખત આપણને સશક્ત અને મજબૂત નતૃત્વ મળ્યું છે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ વિકસિત ભારત–૨૦૪૭ના સોનેરી સપનાને સાકાર કરવા માટે તેજ ગતિથી વિકાસના પંથે આગળ ધપી રહ્યો છે. 'આશીર્વાદના દીવા' મહોત્સવ અંતર્ગત અમરેલીના ઐતિહાસિક કામનાથ મહાદેવ મંદિરને મનમોહક અને સુગંધિત ફૂલોની સજાવટથી ભવ્ય રીતે શણગારવામાં આવ્યું હતું. આ સાથે જ મંદિરના વિશાળ પટાંગણમાં જુદી જુદી જગ્યાએ હજારો દીવાઓ પ્રજવલ્લિત કરવામાં આવ્યા હતા, સમગ્ર પરિસર ભક્તિના પવિત્ર પ્રકાશમાં પ્રકાશમય બન્યું હતું. આ સુંદરતામાં અભિવૃદ્ધિ કરવા માટે મંદિર પ્રાંગણમાં આકર્ષક અને ભવ્ય રંગોળીઓનું પણ વિશેષ સુશોભન પણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ઋષિગણો દ્વારા ઓમકાર નાદ અને શાસ્ત્રોક્ત રીતે મંત્રોચ્ચારનું પણ ઉચ્ચારણ કરવામાં આવતા સમગ્ર માહોલ ભક્તિસભર બન્યો હતો. કાયદો અને ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે, રાષ્ટ્રના વિકાસમાં વડાપ્રધાનએ તેમના સેવાકાળના ૨૫ વર્ષ દરમિયાન રજા લીધા વિના સતત અને અવિરત પરિશ્રમ કર્યો છે. રાષ્ટ્ર નેતાની આ છબી જ તેમની મહાનતાનો પરિચય કરાવે છે. તેમના નેતૃત્વમાં દેશ વિકાસના અનેક કાર્યો સાકાર કરીને તેજ ગતિથી સતત આગળ ધપી રહ્યો છે, છેવાડાના નાગરિકોની જીવનશૈલીમાં સકારાત્મક બદલાવ આવી રહ્યો છે. આ મહોત્સવના મુખ્ય આકર્ષણ તરીકે મંદિર પરિસર ખાતે એક ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ, જેમાં કલાવૃંદોએ શિવ તાંડવ અને વંદનાની ભાવપૂર્ણ નૃત્ય પ્રસ્તુતી કરીને ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. હજારો દીવડાઓ, શંખનાદ, ઢોલ નગારા અને ઝાલરના ઘંટારવ અને નાદ સાથે ભગવાન કામનાથ મહાદેવની દિવ્ય મહાઆરતી યોજાઈ હતી. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા, અમરેલી નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા, જિલ્લાના હોદ્દેદાર અતુલભાઈ કાનાણી, અન્ય હોદ્દેદારો, નાગરિક બેંકના ચેરમેન અને સહકારી આગેવાન પી.પી.સોજીત્રા, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પ્રજાપતિ, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, સુપર ન્યુમરરરી આસિસ્ટન્ટ કલેકટર હર્ષિતા ગોયલ, સહિત પદાધિકારીઓ, અધિકારીઓ, શહેરના આગેવાનો, મહાનુભાવો અને બહોળી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

### ખેડૂત–વેપારી વિભાગમાં યુવા અને કાર્યદક્ષ આગેવાનોને સ્થાન

## બાબરા માર્કેટયાર્ડની ચૂંટણીમાં ભાજપનું મેન્ડેટ ૧૪ માંથી ૧૨ નવા ચહેરાઓને તક

### વર્તમાન ચેરમેનને પુનઃ તક મળતાં કેટલાક વર્ગમાં નારાજગીની ચર્ચા

બાબરા, તા. ૧૭

બાબરા માર્કેટયાર્ડમાં યોજાનારી ચૂંટણીને લઈને રાજકીય અને સહકારી ક્ષેત્રે ગરમાવો જોવા મળી રહ્યો છે. માર્કેટયાર્ડના ૧૦ ખેડૂત વિભાગ અને ૪ વેપારી વિભાગના કુલ ૧૪ ડિરેકટર પદ માટે ભાજપ દ્વારા મેન્ડેટ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં વર્તમાન ચેરમેન અને અન્ય એક ડિરેકટર સાથે કુલ ૨ જુના બાકીના તમામ ૧૨ ઉમેદવારો નવા ચહેરા સ્થાન મળ્યું છે.

ભાજપ દ્વારા માર્કેટયાર્ડના આગામી વહીવટમાં યુવાનો તેમજ પક્ષના કાર્યદક્ષ અને સક્રિય આગેવાનોને તક આપવામાં આવતા ખેડૂતો અને વેપારીઓમાં ઉત્સાહની લાગણી જોવા મળી રહી છે. લાંબા સમયથી માર્કેટયાર્ડના વહીવટને નજીકથી નિહાળતા ખેડૂતો–વેપારીઓમાં નવા ચહેરાઓને તક મળવાથીયાર્ડમાં વિકાસને નવી દિશા મળશે તેવી ચર્ચા પણ થઈ રહી છે.જો કે, વર્તમાન ચેરમેનને ફરીથી મેન્ડેટમાં સ્થાન આપવામાં આવતા કેટલાક ખેડૂતો અને વેપારીઓમાં નારાજગીની ચર્ચા પણ જોવા મળી રહી છે. ચેરમેન દ્વારા થોડા દિવસ અગાઉ માર્કેટયાર્ડની વિકાસ કામગીરી અંગે વિકાસગાથા રજૂ કરવામાં આવી હતી અને આ અંગેનો પત્ર યાર્ડ સાથે સંકળાયેલી મંડળીઓના પ્રમુખો તથા સભ્યોને મોકલવામાં આવ્યું હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. બીજી તરફ, બે–ત્રણ મંડળીના પ્રમુખોનો સંપર્ક કરવામાં આવતાં તેમને આવું કોઈ પત્ર મળ્યો ન હોવાનું જાણવા મળ્યું હોવાની ચર્ચા વચ્ચે આ મુદ્દે પણ સવાલો ઉઠી રહ્યા છે.

ખેડૂતો અને વેપારીઓમાં એવી પણ ચર્ચા છે કે માર્કેટયાર્ડમાં હજુ પણ કેટલીક મૂળભૂત સુવિધાઓ જાળવવાની જરૂરિયાત છે. સીસીટીવી કેમેરા બંધ હાલતમાં હોવા, સ્ટ્રીટ લાઈટો બંધ હોવા સહિતની સમસ્યાઓ અંગે ધ્યાન દોરવામાં આવી રહ્યું છે. જયારે યાર્ડની પ્રાથમિક સુવિધાઓ જ સંતોષકારક રીતે કાર્યરત ન હોય ત્યારે મોટા વિકાસના દાવાઓ અંગે પણ ખેડૂતો–વેપારીઓમાં સવાલો ઉઠે તે સ્વાભાવિક હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

માર્કેટયાર્ડના ખેડૂતો અને વેપારીઓ છેલ્લા૧૫ વર્ષથી વધુ સમયથી ચાલતા વહીવટ અને શાસન પ્રથાને નજીકથી જોઈ રહ્યા છે, જેના કારણે યાર્ડની કામગીરી અંગે તેઓ પોતાના અનુભવના આધારે ચર્ચા કરી રહ્યા છે. હવે ભાજપ દ્વારા મોટા ભાગે નવા ચહેરાઓને મેન્ડેટ આપવામાં આવતા આગામી સમયમાં યાર્ડના વહીવટમાં પરિવર્તન અને નવી કાર્યશૈલી જોવા મળશે તેવી અપેક્ષા વ્યક્ત થઈ રહી છે.

દરમિયાન, ભાજપના મેન્ડેટમાં વર્તમાન ચેરમેન જૂથના મોટા ભાગના જાણીતા ચહેરાઓને સ્થાન ન મળતાં પાછળથી પોતાના સમર્થકોને ઉમેદવારી કરાવવા અને અલગ પેનલ ઉભી કરવાની ગતિવિધિઓ ચાલી રહી હોવાની ચર્ચા માર્કેટયાર્ડના રાજકીય વર્તુળોમાં થઈ રહી છે. આગામી દિવસોમાં આવી કોઈ પેનલ મેદાનમાં આવે તો ચૂંટણી વધુ રસપ્રદ બનવાની શકયતા છે.

ખેડૂતોમાં એવી પણ ચર્ચા છે કે ભાજપ દ્વારા જાહેર કરાયેલા મેન્ડેટની બહાર ગોઠવણ કરીને જો ફરીથી જૂના વહીવટને અનુકૂળ ડિરેકટરો ચૂંટાઈ આવે અને ચેરમેનપદ માટે જૂની જ ગોઠવણ યથાવત રહે, તો નવા ચહેરાઓને તક આપવાનો પક્ષનો હેતુ નબળો પડી શકે છે.

આ સમગ્ર સ્થિતિને જોતા બાબરા માર્કેટયાર્ડની ચૂંટણીમાં ભાજપના મેન્ડેટ બાદ ઊભી થતી કોઈપણ સમાંતર ગોઠવણ પર જિલ્લા ભાજપ પણ ખાસ નજર રાખે તે જરૂરી છે, તેવી ચર્ચા ખેડૂતો અને વેપારીઓમાં જોર પકડી રહી છે. હવે જોવાનું એ રહ્યું કે ભાજપના મેન્ડેટ સામે કોઈ વૈકલ્પિક પેનલ આકાર લે છે કે પછી પક્ષ દ્વારા પસંદ કરાયેલા નવા ચહેરાઓ જ માર્કેટયાર્ડના આગામી વહીવટની દિશા નક્કી કરે છે.

### ખંભાળા પીએચસી અંતર્ગત

## જોખમી સગર્ભા માતાઓની આરોગ્ય સંભાળ સાથે પોષણ કિટ્નું વિતરણ

### આરોગ્ય વિભાગનો સેવાભાવી અભિગમ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૭

બાબરા તાલુકાના ખંભાળા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (પીએચસી) અંતર્ગત આવતા સુખપુર, વાકિયા અને લાલકા સબ સેન્ટર વિસ્તારમાં આરોગ્ય વિભાગ દ્વારા જોખમી સગર્ભા માતાઓની આરોગ્ય સંભાળને પ્રાધાન્ય આપી પોષણ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત કુલ ૧૦ જોખમી સગર્ભા માતાઓને પોષણ કિટ આપવામાં આવી હતી.

આરોગ્ય કર્મચારી અશોકભાઈ હનુભા વાળા દ્વારા પોષણ કિટનું વિતરણ કરી સગર્ભા માતાઓને ગર્ભાવસ્થા દરમિયાન પોષણયુક્ત અને સંતુલિત આહાર લેવાની સાથે નિયમિત આરોગ્ય તપાસ કરાવવા તથા જરૂરી સાવચેતી અને કાળજી રાખવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આરોગ્ય વિભાગની ટીમ દ્વારા જોખમી સગર્ભા માતાઓની નિયમિત આરોગ્ય તપાસ, સતત દેખરેખ અને જરૂરી આરોગ્યસેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. સગર્ભા માતાઓ અને તેમના પરિવારજનોને ગર્ભાવસ્થા દરમિયાન પોષણ,આરોગ્ય અને સમયસર સારવારના મહત્વ અંગે પણ સમજ આપવામાં આવી હતી.

આ પ્રસંગે FHW કાજલબેન, સીએચઓ શૈલેષભાઈ બારૈયા તેમજ આશા બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આરોગ્ય ટીમ દ્વારા કરવામાં આવી રહેલી કામગીરીથી સગર્ભા માતાઓમાં પોષણ અને આરોગ્ય અંગે જાગૃતિ વધારવા તેમજ માતા અને બાળકના સ્વાસ્થ્યની યોગ્ય કાળજી સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

### ધારાસભ્ય જનક તળાવીયાએ લીધી મુલાકાત

## બાબરાના સરકારી દવાખાનામાં દર્દીઓ અને દવા અંગે માહિતી મેળવી

### તબીબી સ્ટાફને જરૂરી સુચનાઓ આપી

બાબરા, તા. ૧૭

બાબરા સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને મળતી સારવાર, દવાઓની ઉપલબ્ધતા અને હોસ્પિટલ સ્ટાફના વ્યવહાર અંગેની વાસ્તવિક સ્થિતિ જાણવા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. ધારાસભ્યએ માત્ર તબીબો સાથે ચર્ચા પૂરતી મુલાકાત મર્યાદિત ન રાખતા વિવિધ વોર્ડમાં જઈ દાખલ દર્દીઓ સાથે સીધો સંવાદ કરી તેમને મળતી સારવાર અંગે જાતે માહિતી મેળવી હતી.

બાબરા સિવિલ હોસ્પિટલમાં ખાસ કરીને રાત્રિના સમયે મેડિકલ ઈમરજન્સીમાં આવતા દર્દીઓને સારવાર અને સ્ટાફના સહકાર અંગે મુશ્કેલી પડતી હોવાની રજૂઆતો ધારાસભ્ય સમક્ષ અગાઉ પણ કરવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. આ રજૂઆતોની વાસ્તવિક સ્થિતિ જાણવા ધારાસભ્યએ આજે સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈ દર્દીઓ પાસેથી સીધી હકીકત જાણી હતી.

મુલાકાત દરમિયાન ધારાસભ્યએ ડો. સાકીર વ્હોરા સહિત તબીબી સ્ટાફ સાથે પણ ચર્ચા કરી હતી. તેમણે હોસ્પિટલમાં આવતા દરેક દર્દીને સમયસર અને યોગ્ય સારવાર મળી રહે, જરૂરી દવાઓ ઉપલબ્ધ રહે તેમજ રાત્રિના ઈમરજન્સી સમયે દર્દીઓને કોઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અગવડતા ન પડે તે માટે યોગ્ય વ્યવસ્થા જાળવવા સૂચનાઓ આપી હતી.

ધારાસભ્યએ વિવિધ વોર્ડમાં ફરી દર્દીઓ સાથે વાતચીત કરી સારવાર અંગેનો પ્રતિભાવ મેળવ્યો હતો. દર્દીઓની રજૂઆતો સાંભળી હોસ્પિટલની કામગીરી અંગેની વાસ્તવિક પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

ધારાસભ્યની આ મુલાકાતથી બાબરા સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને વધુ સારી આરોગ્યસેવા મળે, તબીબી સ્ટાફ દ્વારા યોગ્ય સહકાર મળે અને ઈમરજન્સી સમયે પણ દર્દીઓને તાત્કાલિક સારવાર મળી રહે તે મુદ્દાને પ્રાથમિકતા આપવામાં આવી હોવાનું સ્પષ્ટ થયું હતું.

## પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલામાં ગૌચરની જમીન

સાવરકુંડલા નગરપાલિકા દ્વારા સંમતિ આપવામાં આવી છે. માલધારી સમાજનો આક્ષેપ છે કે સ્થાનિક માલધારી સમાજ કે સદસ્યોને વિસમાં લીધા વિના અને કોઈ પણ જાતની વ્યાપક ચર્ચા કર્યા વગર બારોબાર આ નિર્ણય લેવામાં આવ્યો છે, જે અત્યંત અન્યાયી અને મનસ્વી છે.

માલધારી સમાજ મુદ્દાઓ આ પ્રમાણે છે. સાવરકુંડલાના સેંકડો માલધારી પરિવારો પોતાના પશુઓ સાથે આ ગૌચરની જમીન પર નભે છે. ખાસ કરીને ઉનાળાની વિષમ ઋતુમાં જયારે ઘાસચારો મેળવવો મુશ્કેલ હોય છે, ત્યારે આ ગૌચર જ પશુઓ માટે મુખ્ય સહારો બને છે.

તંત્ર દ્વારા એક તરફ ગૌચર ખુલ્લા કરવાની વાતો કરવામાં આવે છે, તો બીજી તરફ ઉપલબ્ધ ગૌચર વન વિભાગને સોંપી દેવામાં આવી રહ્યું છે. જો આ જમીન નર્સરી માટે ફાળવી દેવાશે તો પશુઓને ચરાવવા કયાં જવું ? શું પશુઓને રોડ પર રખડતા મૂકી દેવા ?

નગરપાલિકાના સભ્યોને પૂછયા વગર જ 'કોઈ વાંધો નથી' તેમ કહી જમીન ફાળવવાનો ગેરકાયદેસર ઠરાવ કરી દેવાયો છે. આ ઠરાવ કોના કહેવાથી અને કોના લાભ માટે કરવામાં આવ્યો છે તેની નિષ્પક્ષ તપાસ થવી જરૂરી છે.

માલધારી સમાજની સ્પષ્ટ માંગણીઓ : (૧) ગૌચરની જમીન વન વિભાગને ફાળવવાનો સાવરકુંડલા નગરપાલિકાનો ગેરકાયદેસર ઠરાવ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે. (૨) સાવરકુંડલા શહેર અને આસપાસની તમામ ગૌચર જમીન માલધારીઓ અને પશુઓ માટે અનામત રાખવામાં આવે. (૩) પશુધનની સુરક્ષા અને માલધારી સમાજના હિતોને ધ્યાનમાં રાખીને ગૌચરની જમીન અન્ય કોઈ પણ હેતુ માટે ન ફાળવવાની કડક સૂચના તંત્રને આપવામાં આવે.

માલધારી સમાજે અંતમાં તંત્રને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો આ બાબતે સત્વરે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે અને માલધારી સમાજની ન્યાયિક માગણીઓ સ્વીકારવામાં નહીં આવે, તો સાવરકુંડલા શહેર સમસ્ત માલધારી સમાજ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે, જેની તમામ નૈતિક અને કાનૂની જવાબદારી શાસન અને તંત્રની રહેશે.

## પાના ૧ ઉપરનું ચાલું પિતાએ પાંચ વર્ષની પુત્રીની હત્યા કરી

કિશોરભાઈએ પણ પોતાના ઘરમાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાની જાણ થતાં પરિવારજનો તથા આસપાસના લોકોમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

આ બનાવની જાણ થતાં સાવરકુંડલા રૂરલ પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે સ્થળનું નિરીક્ષણ કરી પંચનામા સહિતની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી. પિતા–પુત્રીના મૃતદેહોને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ભાવનગર લઈ જવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

આ બનાવમાં પુત્રીની માતા મંજુબેન કિશોરભાઈ ધાણકની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાથમિક પોલીસ તપાસમાં આ કરૂણ ઘટનાના મુળમાં આર્થિક સંકડામણ હોવાનું સામે આવ્યું હોવાનું જાણવા મળે છે. જો કે ઘટનાનું ચોકકસ કારણ અને મૃત્યુ અંગેની હકીકત પોસ્ટમોર્ટમ રિપોર્ટ તથા પોલીસની વધુ તપાસ બાદ સ્પષ્ટ થશે.

કાળઝાળ મોંઘવારીના સમયમાં સામાન્ય પરિવાર માટે ઘરનું ગુજરાન ચલાવવું અને આર્થિક જવાબદારીઓ નિભાવવી મુશ્કેલી બની રહી છે. આવા સંજોગોમાં હાડિડા ગામે બનેલી આ ઘટનાએ આર્થિક મુશ્કેલીઓ વચ્ચે માનસિક દબાણ કેટલી ગંભીર સ્થિતિ સર્જી શકે છે તેનો કરૂણ ચિતાર રજુ કર્યો છે.

પાંચ વર્ષની માસુમ હિમાંશીના મોતથી પરિવારજનો પર દુ:ખનો પહાડ તૂટી પડયો છે જયારે પિતાના મોતથી સમગ્ર પરિવાર શોકમાં ગરકાવ થયો છે. નાનકડા હાડિડા ગામમાં એકસાથે પિતા–પુત્રીના મોતના સમાચાર પ્રસરી જતાં ગામમાં અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

સાવરકુંડલા રૂરલ પોલીસે સમગ્ર બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ સહિતના પુરાવા અને તપાસના આધારે ઘટનાની સમગ્ર હકીકત બહાર આવશે.

## ફ્રીજમાં બેસેલી અવસ્થામાં મૃત દીકરી મળી

બનાવ સ્થળેથી ૫ વર્ષની દીકરી હિમાંશી ઉર્ફે દીકુ ગાયબ હોવાથી શોધખોળ શરૂ કરાઈ હતી. ત્યારે બાળકીના મૃતદેહને ફ્રીજમાં બેસેલી અવસ્થામાં આ દીકરી મૃત હાલતમાં મળી આવતા સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયા હતા. આ દીકરીના મૃતદેહને સમાધિ આપી હોય એ રીતે આસન પર બેસાડી હતી અને ઢળી ન જાય એ માટે આજુબાજું ઓશિકાના ટેકા મૂકયા છે. દીકરીના મોઢામાં તુલસી જેવું પાંદડું મૂકયું છે. સાથે ગલગોટાના ફૂલનો હાર પહેરાવ્યો છે અને માથે માતાજીના ફોટાને ઓઢાવડવામાં આવે એવી ચૂંદડી ઓઢાડી છે.

## ત્રણ સુસાઈડ નોટમાં દર્દનાક ખુલાસો

પોલીસને ઘટના સ્થળેથી કિશોરભાઈએ લખેલી ત્રણ અલગ–અલગ સુસાઈડ નોટ મળી આવી હતી. સુસાઇડમાં તેમણે લખ્યું હતું કે તેમના બાકી પૈસા ન મળતા આર્થિક તંગીથી કંટાળીને તેઓ આ પગલું ભરી રહ્યા છે અને પોતાના મૃત્યુ પછી પોતાની વ્હાલસોયી દીકરી અનાથ અને દુ:ખી ન થાય તે માટે તેમણે દીકરીને પણ પતાવી દીધી હોવાની અને ફ્રિજમાં મૂકી હોવાની વિગતો લખી માફી માંગી હતી.

તેમણે મહુવા ખાતે કરેલા કામના બાકી નીકળતા નાણાં તથા અન્ય ખર્ચના મળી આશરે ૭ લાખ ૨૫ હજાર લેવાના બાકી હતા. લાંબા સમયથી આ રકમ ન મળવાના કારણે અને પર્સનલ લોનનું ભારણ વધતાં પરિવાર ભારે નાણાકીય સંકટમાં મુકાયો હતો.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૩૦ |
| ૨ | શિંગદાણા ફાડા | ૧૫૦૦ | ૨૦૯૦ |
| ૩ | તલ સફેદ | ૧૪૦૦ | ૨૬૭૦ |
| ૪ | તલ કાળા | ૨૩૫૦ | ૩૫૫૫ |
| ૫ | તલ કાશ્મીરી | ૧૯૯૫ | ૨૪૫૫ |
| ૬ | બાજરો | ૩૦૫ | ૪૩૫ |
| ૭ | જુવાર | ૧૨૯૦ | ૧૪૦૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૭૧૫ |
| ૯ | ઘઉં લોકવન | ૫૪૦ | ૫૮૦ |
| ૧૦ | ચણા | ૧૦૦૦ | ૧૩૧૦ |
| ૧૧ | સફેદ ચણા | ૧૧૩૦ | ૧૩૦૦ |
| ૧૨ | તુવેર | ૧૩૧૦ | ૧૪૯૫ |
| ૧૩ | વાલ | ૭૦૦ | ૮૪૦ |
| ૧૪ | કપાસ | ૧૦૦૦ | ૨૦૧૫ |
| ૧૫ | એરંડા | ૧૨૬૦ | ૧૪૧૫ |
| ૧૬ | જીરૂ | ૨૫૦૦ | ૩૯૦૦ |
| ૧૭ | ધાણી | ૨૦૦૦ | ૨૯૦૦ |
| ૧૮ | અજમા | ૧૯૨૦ | ૨૬૧૦ |
| ૧૯ | મેથી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૨૦ | રજકાનું બી | ૮૯૦૦ | ૮૯૦૦ |
| ૨૧ | કાંગ | ૪૩૦ | ૭૨૫ |

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલામાં માર્ગમાં બેસેલ વાછરડાને

બાદ લોકો ફરી એ જ મૂંગા જીવોને સારા–નરસા પ્રસંગે લાપસી, ઘાસચારો કે રોટલી આપતા નજરે પડે છે. લોકોનાં મનમાં આ પશુઓ પ્રત્યે કરૂણા તો છે, પરંતુ સાથોસાથ એ ગંભીર સવાલ પણ ઉઠે છે કે આ પશુઓ આવી રઝળતી સ્થિતિમાં શા માટે છે ? ગૌચર કયાં ગયા ? ગૌશાળાઓ અશક્ત અને ઘાયલ ગાયોની સંભાળ રાખે છે, પરંતુ આવી સ્થિતિ જ નિર્માણ ન થાય તે માટે પાલિકા તંત્ર અને સમાજે મળીને શું પગલાં ભરવા જોઈએ ?

આવી જ એક ઘટના તાજેતરમાં સાવરકુંડલાનાં હાથસણી રોડ પર જોવા મળી હતી. રસ્તાની વચ્ચોવચ્ચ એક વાછરડું આરામથી આસન જમાવીને બેઠું હતું. તે જ સમયે ત્યાંથી પસાર થઈ રહેલી ગૌરવવંતી ગુજરાત એસ.ટી. બસનાં ડ્રાઈવરે તેને હટાવવા માટે વારંવાર હોર્ન વગાડયા હતા. પરંતુ ''રસ્તા પરથી હટે એ બીજા'' એવા મિજાજ સાથે વાછરડાએ હોર્નને તિલાંજલિ આપીને પોતાનો અડ્ડો જાળવી રાખ્યો હતો.

અંતે કંટાળીને ડ્રાઈવરે બસ ઊભી રાખવી પડી હતી અને બસનાં કંડકટરે નીચે ઉતરીને વાછરડાને ગમે તેમ કરીને રસ્તા પરથી દૂર ખસેડવું પડયું હતું. ભારતીય સમાજની સહનશક્તિ અને સહિષ્ણુતા દર્શાવતું આવું અનોખું દ્રશ્ય સાવરકુંડલાનાં માર્ગો પર અવારનવાર જોવા મળે છે. તંત્ર દ્વારા આ બાબતે યોગ્ય આયોજન કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી રહી છે.

## પાના ૮ ઉપરનું ચાલું SD PAY કૌભાંડમાં ૯ આરોપીઓ

ટકા, રૂા. ૧ લાખથી રૂા. ૫ લાખ સુધી ૦.૨૫ ટકા અને રૂા. ૫ લાખથી વધુના રોકાણ સામે દૈનિક ૦.૩૦ ટકા કેશબેક આપવાની લાલચ આપવામાં આવતી હતી.

આ ઉપરાંત એપ્લિકેશન મારફતે બિલ પેમેન્ટ, મોબાઈલ રિચાર્જ સહિતની સુવિધાઓનો ઉપયોગ કરી શકાશે તેવી જાહેરાત કરવામાં આવતી હતી. રેફરલ સિસ્ટમ હેઠળ નવા સભ્યો જોડાવા બદલ અલગ–અલગ લેયરમાં કેશબેક બોનસ આપવાની યોજના દર્શાવી લોકોને વધુને વધુ રોકાણ કરવા તથા અન્ય લોકોને જોડવા પ્રોત્સાહિત કરવામાં આવતા હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

પોલીસ તપાસમાં SD PAY એપ્લિકેશનમાં એક આરોપીના રેફરલથી પ્રથમ લેવલમાં જ ૨૭૧ જેટલા લોકો જોડાયા હોવાનું સામે આવ્યું છે. ત્યારબાદ અલગ–અલગ લેવલમાં રેફરલ મારફતે અંદાજે દોઢ થી પોણા બે લાખ લોકોને એપ સાથે જોડીને રોકાણ કરાવાયું હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. બીજી તરફ પ્લે સ્ટોર પર કરવામાં આવેલી તપાસમાં આ એપ્લિકેશન સાથે ૧૦ લાખથી વધુ યુઝર્સ જોડાયેલા હોવાનું પણ પોલીસને જણાયું છે.

તપાસ દરમિયાન SD PAYમાં લોકો પાસેથી નાણાં મેળવવા, નાણાંની સગેવગે તથા હેરફેર કરવા માટે અલગ–અલગ ૭ કંપનીઓ ઉભી કરવામાં આવી હોવાનું પોલીસને જણાયું છે. જેમાં S.D. HUB (OPC) PVT. LTD., Shiv Dharti Limited, Shivshati Technology Private Limited, UPAY DIGI Payment India Limiter, UPAY DIGI India Private Limited, U Payment India Limited અને Hustlenest Private Limitedનો સમાવેશ થાય છે.

આ કંપનીઓના નામે અલગ–અલગ બેંકોમાં આશરે ૧૮ બેંક ખાતાઓનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું તપાસમાં સામે આવ્યું છે. આ ખાતાઓમાં અંદાજે રૂા. ૧૫૯૮ કરોડ જેટલી રકમ જમા થયાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. સમગ્ર નાણાકીય વ્યવહારોની તપાસ હાલ SIT દ્વારા કરવામાં આવી રહી છે.

આરોપીઓ તથા સંબંધિત કંપનીઓના બેંક ખાતાઓ અંગે NCCRP પોર્ટલ પર તપાસ કરતાં ૧૮ બેંક ખાતાઓ સામે કુલ ૧૯૫ સાયબર ફ્રોડની ફરિયાદો નોંધાયેલી હોવાનું સામે આવ્યું છે. વધુમાં ઝડપાયેલા આરોપીઓ પૈકી છ આરોપીઓના અલગ–અલગ બેંકોમાં ૩૫થી ૪૦ જેટલા વ્યકિતગત બેંક ખાતાઓ મળી આવ્યા છે, જે અંગે પણ તપાસ ચાલુ છે.

ગુનાની તપાસ દરમિયાન અત્યાર સુધીમાં ૨૪૨ સાહેદોના નિવેદનો લેવામાં આવ્યા છે. SD PAY/ APNA PAY એપ્લિકેશનમાં રોકાણ કરનાર અરજદારોનો સંપર્ક કરી મોબાઈલ મારફતે તેમજ રૂબરૂ નિવેદનો મેળવવાની કાર્યવાહી ચાલુ છે. ભોગ બનનાર રોકાણકારોએ કરેલા રોકાણ તથા નાણાકીય વ્યવહારો અંગે વિગતો એકત્રિત કરવા માટે પોલીસની અલગ ટીમો પણ કામગીરી કરી રહી છે.

આ કેસમાં અત્યાર સુધીમાં કુલ ૯ આરોપીઓની અટકાયત કરવામાં આવી છે, જયારે ૧૧ આરોપીઓ હજુ પકડવાના બાકી હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે. આરોપીઓમાં સુરત, મહેસાણા, ગાંધીનગર, વડોદરા તથા મહારાષ્ટ્ર સહિતના વિસ્તારો સાથે સંકળાયેલા લોકોનો સમાવેશ થાય છે. પોલીસે સમગ્ર નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે કંપનીઓ, બેંક ખાતાઓ, રોકાણકારો, રેફરલ ચેઈન અને નાણાંના વ્યવહારોની ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

પોલીસના જણાવ્યા પ્રમાણે ગુનો માત્ર એક ફરિયાદી કે મર્યાદિત રોકાણકારો પૂરતો સીમિત નથી, પરંતુ મોટી સંખ્યામાં લોકો આ એપ્લિકેશન સાથે જોડાયેલા હોવાની શકયતા હોવાથી તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો છે. હજુ વધુ કંપનીઓ, બેંક ખાતાઓ તથા સંકળાયેલા વ્યકિતઓ અંગે તપાસ ચાલુ હોવાથી આવનારા દિવસોમાં આ કૌભાંડમાં વધુ ખુલાસા થવાની શકયતા છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૮૪૦ | ૨૦૭૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ૩ | મગફળી | ૧૧૫૦ | ૧૩૦૫ |
| ૪ | તલ સફેદ | ૨૦૫૦ | ૨૪૬૦ |
| ૫ | જીરૂ | ૩૫૨૦ | ૪૧૫૦ |
| ૬ | ચણા | ૧૧૬૦ | ૧૨૪૦ |
| ૭ | ઘઉં | ૫૨૪ | ૫૬૨ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૫૦૩ |
| ૨ | શીંગ દાણા | ૧૫૦૦ | ૧૯૮૦ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૩૧ |
| ૪ | તલ કાળા | ૨૬૫૦ | ૩૬૫૧ |
| ૫ | જીરૂ | ૩૫૬૦ | – |
| ૬ | કપાસ | ૧૮૫૦ | ૨૦૧૧ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૮૨ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૪૮૫ |
| ૧૦ | જુવાર | ૭૦૦ | ૧૩૮૫ |
| ૧૧ | મગ | ૧૩૦૦ | ૧૪૧૧ |
| ૧૨ | અડદ | ૧૪૦૦ | ૧૫૮૦ |
| ૧૩ | ચણા | ૧૧૫૦ | ૧૨૫૫ |
| ૧૪ | તુવેર | ૧૩૫૦ | ૧૫૨૫ |
| ૧૫ | એરંડી | ૧૪૦૦ | ૧૪૩૩ |
| ૧૬ | રાય/રાયડો | ૧૪૫૦ | ૧૬૦૩ |

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં પ્રતાપપરામાંથી

વહેલી સવારે ૧:૩૦ વાગ્યે ગેરકાયદેસર રીતે કતલ કરવાના ઈરાદે, પોતાના હવાલાવાળા જેના ટ્રક નં. જીજે–૦૩–બીવી–૮૪૭૯માં ભેંસ જીવ નંગ ૭ કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦ તથા ટ્રકની કિંમત રૂપિયા ૪,૦૦,૦૦૦ મળી રૂપિયા ૬,૦૦,૦૦૦ મુદ્દામાલ સાથે અમરેલી નજીક આવેલ પ્રતાપપરા ગામેથી પસાર થતા પોલીસે તેમને સદર ટ્રકમાં કોઈ પણ પ્રકારનાં ઘાસચારા અને પાણીની સગવડતા વગર, કતલ કરવાના ઈરાદે ખીચો–ખીચ ભરી ગોંધી રાખેલ હાલતમાં ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું બાબરાનાં કીડી અને નાની કુંડળ ગામે

વિભાગનો સ્ટાફ પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને સ્થળ પર જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. રાઉન્ડ ફોરેસ્ટ આર.બી. કેશરીયાએ જણાવ્યું હતું કે ઘટનામાં ત્રણ વાછરડી અને બે ગાયનું મારણ થયું છે. પ્રાથમિક માહિતી મુજબ બે પાથડા, એક સિંહણ અને ત્રણ બચ્ચાં સહિતના સિંહ પરિવાર દ્વારા આ મારણ કરવામાં આવ્યું હોવાનું જણાવાયું હતું.

આ વિસ્તાર કીડી, શિરવાણીયા, નાનીકુંડળ, ખંભાળા, ઈરીયા અને કરીયાણા ગામોની વચ્ચે આવેલા જંગલ વિસ્તાર સાથે જોડાયેલો છે. અહીં છેલ્લા આશરે ચાર વર્ષથી બે પાથડા, એક સિંહણ અને ત્રણ બચ્ચાનો વસવાટ હોવાનું વન વિભાગ દ્વારા જણાવાયું છે. આ ઉપરાંત અન્ય સિંહોની પણ આ વિસ્તારમાં અવરજવર રહેતી હોવાનું જાણવા મળે છે.

પશુપાલન સમિતિના ચેરમેને જણાવ્યું હતું કે, "માલધારી પરિવારને રાજય સરકારના નિયમો મુજબ મળવાપાત્ર વળતર મળી રહે તે માટેની તમામ જરૂરી કાર્યવાહી તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવી રહી છે."

ઘટનાની જાણ થતાં બાબરા તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન માધવભાઈ કટારીયા, કિસાન મોરચાના મહામંત્રી ધીરૂભાઈ મેટાળીયા, કાર્યાલય મંત્રી હરેશભાઈ ઝાપડીયા, બાબરા તાલુકા મંત્રી રોહિતભાઈ સુસરા તેમજ કીડી, શિરવાણીયા અને નાનીકુંડળ ગામના સરપંચો પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. વન વિભાગ દ્વારા સ્થળ તપાસ બાદ સરકારના નિયમો અનુસાર માલધારી પરિવારને મળવાપાત્ર વળતર અંગેની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં ૨૪ કલાકમાં

ખેતી કરતાં યુવકનું અગાઉ એક મહિના પહેલા ડેડાણ ગામમાં વાંકા પુલ પાસે મોટર સાયકલ સ્લીપ થતાં યુવકને પેટના ભાગે ગંભીર ઈજાઓ થતાં પ્રાથમિક સારવાર અપાયા બાદ ગત તા. ઉનાં રોજ પેટમાં દુ:ખાવો શરૂ થતાં તેમને સરટી હોસ્પિટલ ભાવનગર ખાતે સારવારમાં ખસેડાયેલ જયાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

બીજા બનાવમાં સાવરકુંડલા તાલુકાના પીઠવડી ગામે દિવાળીબા હાઈસ્કૂલની સામે રહેતા રેખાબેન ઘુઘાભાઈ રાઠોડ નામની ૪૦ વર્ષિય પરિણીતાને હૃદયના વાલ તથા મગજની બીમારી હોય. બિમારીથી કંટાળી જઈ તેણીએ ગત તા. ૧૬ના રોજ સાંજે ૫ વાગ્યા દરમિયાન કોઈ પણ સમયે પીઠવડી ગામે પોતાના રહેણાંક મકાને ગળાફાંસો ખાઈ લેતા તેણીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ત્રીજા બનાવમાં બગસરા ગામે રહેતા વલ્લભભાઈ ખીમાભાઈ પાનસુરીયા નામના ૭૦ વર્ષિય વૃધ્ધને છેલ્લા ઘણા વર્ષોથી પોસ્ટેટની બીમારી હોય. તે બીમારીથી કંટાળી જઈ પોતે પોતાની મેળે ગત તા. ૧૬ના રોજ ૧ વાગ્યે બગસરા ગામે ગોકુળપરા ખાતે ઝેરી દવા પી જતાં વૃધ્ધનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું રૂપિયા ૬.૭૨ કરોડનો વિશ્વાસઘાત

મહેતા નામના ૮૨ વર્ષિય વૃદ્ધના અમરેલી તાલુકાના ફતેપુર ગામે સાવરકુંડલા રોડ રસ્તે રે.સ.નં. ૩૨/૨ પૈકી આવેલ મિલ્કતમાં રહેલ માજી ધારાસભ્યના માલીકીના પતરા, લોખંડ, એંગલ ગડર વિગેરે ભંગારના કુલમુખત્યાર તરીકે રૂપિયા ૮૦,૦૦,૦૦૦ ગત તા. ૧૭/૧/૨૬ના રોજ વેચી તેમાથી માજી ધારાસભ્યને રૂપિયા ૧૦,૦૦,૦૦૦ ચુકવી અને બાકી રહેતા રૂપિયા ૭૦,૦૦,૦૦૦ નહી ચુકવેલ અને આરોપીઓએ આ માજી ધારાસભ્યની અમરેલી ખાતે આવેલ ચિત્તલ રોડ ઉપર રે.સ.નં. ૩૭/૨ પ્લોટ નં. ૧૨–૧૩–૨૬–૨૭ જેનુ કુલ ક્ષેત્રફળ ૧૩૯૧–૩૦ ચોરસ મીટર સુચીત રહેણાંક હેતુનુ બાંધકામનુ ક્ષેત્રફળ જેમા ચાર માળનુ ચણતરનુ બાંધકામ હતુ. જે મિલ્કત રૂપિયા ૬,૦૦,૦૦,૦૦૦ (અંકે રૂપિયા છ કરોડ પુરા)માં વેચાણ રાખી માજી ધારાસભ્ય પાસેથી ગીફટ ડીડથી દસ્તાવેજ કરી તે રૂપિયા ચુકવી આપશે તે માટે માજી ધારાસભ્યને પ્રોમેસરી નોટ તથા નોટરી રૂબરૂ સમજુતી કરાર કરી આપેલ. જે રૂપિયા ૬,૦૦,૦૦,૦૦૦ (અંકે રૂપિયા છ કરોડ પુરા) ચુકવેલ નહી અને ગત તા. ૨૯/૮/૨૬ના રોજ આરોપીએ માજી ધારાસભ્ય પાસેથી રૂપિયા ૨,૫૦,૦૦૦ની રકમ ગીફટ ડીડ (દસ્તાવેજ) છોડાવવા રોકડા લઈ ગયેલ હતા. આમ બંને આરોપીઓ પોતે માજી ધારાસભ્યને કાયદેસરના ચુકવવા માટે બંધાયેલ હોવાનુ જાણવા છતાં નાણાં નહી આપી બંને આરોપીઓએ માજી ધારાસભ્ય સાથે કુલ રૂપિયા ૬,૭૨,૫૦,૦૦૦ (અંકે છ કરોડ બોત્તેર લાખ પચાસ હજાર પુરા) નો વિસઘાત કરી ગુન્હો કર્યાની માજી ધારાસભ્ય હેમેન્દ્રભાઈ રતિલાલ મહેતાએ અમરેલી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બંને આરોપી સામે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ ગ્રેડ | ૧૮૭૦ | ૧૯૪૫ |
| ૨ | કપાસ બી ગ્રેડ | ૧૫૧૦ | ૧૭૦૦ |
| ૩ | મગફળી | ૧૧૪૫ | ૧૩૦૧ |
| ૪ | ઘઉં લોકવન | ૫૩૧ | ૫૭૦ |
| ૫ | ચણા | ૧૨૩૦ | ૧૨૩૦ |
| ૬ | તુવેર | ૧૦૦૦ | ૧૫૭૧ |
| ૭ | તલ | ૧૭૫૦ | ૧૭૫૦ |
| ૮ | તલ કાળા | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૯ | એરંડા | ૧૨૧૦ | ૧૩૭૫ |
| ૧૦ | શીંગદાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૮૦૦ | ૨૦૩૫ |
| ૨ | મગફળી | ૯૦૦ | ૧૧૫૦ |
| ૩ | ઘઉં લોકવન | ૫૩૩ | ૫૭૦ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૫૫ | ૫૫૫ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૬ | જુવાર | ૭૫૦ | ૧૧૦૦ |
| ૭ | સોયાબીન | ૧૧૦૦ | ૧૧૦૩ |
| ૮ | સીંગદાણા | ૧૮૫૦ | ૧૮૫૦ |
| ૯ | લસણ | ૫૦૦ | ૫૦૦ |
| ૧૦ | તલ કાળા | ૨૩૧૦ | ૨૬૦૦ |
| ૧૧ | જીરૂ | ૩૪૦ | ૩૪૪૦ |

## બાબરા : સરકારી વિનયન–વાણિજય કોલેજમાં પ્લેસમેન્ટ ડ્રાઈવ યોજાઈ





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૭

સરકારી વિનયન અને વાણિજય કોલેજ, બાબરા ખાતે કેમ્પસ પ્લેસમેન્ટ સેલ ૨૦૨૬–૨૭ અંતર્ગત તા. ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ વિદ્યાર્થીઓને સ્નાતક થયા બાદ તાત્કાલિક રોજગારીની ઉત્તમ તકો ઉપલબ્ધ બની રહે તેવા હેતુસર ભવ્ય પ્લેસમેન્ટ ડ્રાઈવ (રોજગાર મેળો)નું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય તથા પ્લેસમેન્ટ સેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ રોજગાર મેળામાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

પ્લેસમેન્ટ ડ્રાઈવ દરમિયાન વિદ્યાર્થીઓને વિવિધ ક્ષેત્રની પ્રતિષ્ઠિત કંપનીઓમાં કારકિર્દી ઘડવાની તક મળી હતી. કાર્યક્રમમાં HDFC Bank, ICICI Bank, Credit Access Grameen Bank Ltd. Radheshyam Cotspin Pvt. Ltd. Sheetal Ice Cream (Amreli) Manhar Honda સહિતની નામાંકિત કંપનીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા અને કંપનીઓ દ્વારા વિદ્યાર્થીઓ માટે જરૂરી પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને અભ્યાસ પૂર્ણ કર્યા બાદ રોજગારીની તકો અંગે માર્ગદર્શન આપવા સાથે તેમની શૈક્ષણિક લાયકાત, કૌશલ્ય અને ક્ષમતાને અનુરૂપ કારકિર્દીની તકો ઉપલબ્ધ કરાવવાનો રહ્યો હતો. રોજગાર મેળા દરમિયાન વિદ્યાર્થીઓએ વિવિધ કંપનીઓની કામગીરી, નોકરીની તકો, જરૂરી લાયકાત તથા પસંદગી પ્રક્રિયા અંગે પણ માહિતી મેળવી હતી.

કાર્યક્રમનું સંચાલન ડો. પાર્થ જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આચાર્ય કૌશિકકુમાર પંડયા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું, જયારે ડો.અનિલ વાણવી દ્વારા પ્રારંભિક ભૂમિકા રજૂ કરવામાં આવી હતી. ડો.બિપીન બારૈયા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. સ્થાનિક વર્ગ સંચાલનમાં કૌશિક ડાભી સહિત કોલેજના સ્ટાફ મિત્રોનો મહત્વપૂર્ણ સહયોગ રહ્યો હતો.

કોલેજના સમગ્ર સ્ટાફ દ્વારા પ્લેસમેન્ટ ડ્રાઈવમાં પસંદગી પામેલા તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય અને સફળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે રોજગારલક્ષી તકો અને વ્યવહારૂ કૌશલ્ય સાથે જોડવાનો કોલેજનો આ પ્રયાસ વિદ્યાર્થીઓ માટે કારકિર્દી નિર્માણની દિશામાં મહત્વપૂર્ણ બની રહ્યો છે.

## અમરેલી : મહિલા રોકડ પુરસ્કારનાં ફોર્મ દિન–પમાં જમા કરવા સુચના

અમરેલી, તા. ૧૭

સ્પોટર્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા મહિલા રોકડ પુરસ્કાર માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૨૦/૮/૨૦૨૬ સુધીની સમયમર્યાદા આપવામાં આવેલ હતી. આ ઓનલાઈન અરજી કરવાની પ્રક્રિયા હવે પૂર્ણ થઈ ગયેલ છે. જેથી ઓનલાઈન કરેલ અરજી ફોર્મ શાળાનાં આચાર્યનાં સહી–સિક્કા સાથે દિન–૫ (પાંચ દિવસ)માં અત્રેની કચેરી ''જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સરદાર પટેલ રમત સંકુલ,ગોળ દવાખાનાની બાજુમાં, ચિત્તલ રોડ, અમરેલી'' ખાતે રૂબરૂમાં જમા કરાવી દેવા જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રની યાદીમાં તમામ સંબંધિતોને જણાવવામાં આવ્યું છે.

શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી
ત્રિમાસિક ફી અથવા છમાસિક ફી ભરવાની છૂટ
[illegible]
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ કેળવણી ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી
[illegible]

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૨૫૦ |
| ૨ | તલ સફેદ | ૨૩૫૧ | ૨૫૫૦ |
| ૩ | તલ કાળા | ૨૮૦૧ | ૩૫૦૧ |
| ૪ | કપાસ | ૧૫૬૦ | ૨૦૦૨ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૫૧૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૨૬ | ૬૦૮ |
| ૭ | જુવાર | ૮૫૨ | ૧૫૦૦ |
| ૮ | મકાઈ | ૪૦૧ | ૪૨૬ |
| ૯ | ચણા | ૧૧૫૦ | ૧૨૮૧ |
| ૧૦ | જીરૂ | ૩૮૦૦ | ૩૮૦૦ |
| ૧૧ | મેથી | ૧૩૦૦ | ૧૩૦૧ |

